**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 03-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

- ✓ ચૂંટણીપંચે તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીને ઐતિહાસિક ગણાવી – 64.2 કરોડ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો.
- ✓ લોકસભા ચૂંટણી અને આંધ્રપ્રદેશ, ઓડિશાની વિધાનસભા ચૂંટણીઓ તથા કેટલાંક રાજ્યોની પેટાચૂંટણીઓ માટે આવતીકાલે મતગણતરી
- ✓ પશ્ચિમ બંગાળમાં બારાસત અને મથુરાપુર સંસદીય મતવિસ્તાર હેઠળના બે મતદાનમથક પર આજે ફરી મતદાન યોજાઇ રહ્યું છે
- ✓ UPI વ્યવહારોએ મે મહિનામાં 20.45 લાખ કરોડ રૂપિયાના 14 અબજ વ્યવહારોનો નવો વિક્રમ બનાવ્યો
- ✓ ભારતના રાષ્ટ્રીય ધોરી માર્ગ સત્તામંડળે સમગ્ર દેશમાં જકાત વેરામાં સરેરાશ પાંચ ટકાનો વધારો કર્યો
- ✓ અમૂલ અને મધર ડેરીએ દૂધની કિંમતમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કર્યો
- ✓ ટ્વેન્ટી-20 વિશ્વકપ ક્રિકેટની ત્રીજી મેચમાં નામિબિયાએ ઓમાનને હરાવ્યું – હવે ચોથી મેચ શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC Press Conference

તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીમાં 64.2 કરોડ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેમાં 31 કરોડ મહિલા મતદારો હતી એમ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે પત્રકારપરિષદમાં જણાવ્યું હતું. ચૂંટણીને ઐતિહાસિક ગણાવતા તેમણે જણાવ્યું કે, મતદાન દરમિયાન વિશ્વવિક્રમ સર્જાયો છે. લોકશાહીનાં આ તહેવારમાં ભાગ લેનાર પ્રત્યેક વ્યક્તિનો અમે આભાર માનીએ છીએ એમ તેમણે જણાવ્યું હતું.

ચૂંટણી દરમિયાન સત્તાવાળાઓ દ્વારા લગભગ 10,000 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં 45 ટકા નશીલા દ્રવ્યોનો સમાવેશ થાય છે. 2019ની સરખામણીમાં આશરે ત્રણ ગણી જપ્તી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, 85 વર્ષથી વધુ વયનાં અને દિવ્યાંગ મતદારો માટે પ્રથમ વાર ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. સ્વતંત્રતા બાદ વૃધ્ધ મતદારોની ભાગીદારીએ લોકશાહીનું સંવર્ધન કર્યું છે, જે ચૂંટણી પંચ માટે સિધ્ધિ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, 23 દેશોનાં 75 નીરિક્ષકોએ ભારતની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરીને રોમાંચિત થયા હતા.

# COUNTING-VOTES

લોકસભા ચૂંટણીમાં સાત તબક્કામાં યોજાયેલી લોકસભા ચૂંટણી, આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભા ચૂંટણીઓ અને ગુજરાતની પાંચ વિધાનસભા સહિત અન્ય રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીઓની મતગણતરી આવતીકાલે યોજાશે. સવારે 8 વાગ્યાથી મતગણતરી શરૂ થશે.

ચૂંટણી પંચે કહ્યું કે મતગણતરીનાં વલણ અને પરિણામ ચૂંટણી પંચની વેબસાઇટ **results.eci.gov.in** તેમ જ વોટર હેલ્પલાઇન મોબાઇલ એપ્લીકેશન પર ઉપલબ્ધ રહેશે. આ વોટર હેલ્પલાઇન એપ ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકશે.

## Repoll

પશ્ચિમ બંગાળમાં બારાસત અને મથુરાપુર સંસદીય મતવિસ્તાર હેઠળના બેમતદાન મથકો પર આજે ફરી મતદાન યોજાઇ રહ્યું છે સવારે 7 વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. 1 જૂનના રોજ સાતમા તબક્કામાં આ બે મતવિસ્તારોમાં મતદાન થયું હતું. ચૂંટણી અધિકારીઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને સંબંધિત નિરીક્ષકોના અહેવાલના આધારે અહી પુનઃ મતદાનનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## PM - BHARAT THOUGHT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશનું "ગવર્નન્સ મોડેલ" વિશ્વના અનેક દેશ માટે ઉદાહરણરૂપ બની ગયું હોવાનું કહ્યું છે. એક પત્ર દ્વારા દેશના લોકો સાથે પોતાના વિચાર વ્યકત કરતા, શ્રી મોદીએ કહ્યું કે, ગુડ ગવર્નન્સ, મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને

મહત્વાકાંક્ષી બ્લોક્સ જેવી નવી પ્રથાઓની આજે વૈશ્વિક સ્તરે ચર્ચા થઈ રહી છે. તેમણે કહ્યું કે, દેશે દરેક સમાજના લોકોને પ્રાથમિકતા આપીને વિશ્વને પ્રેરણા આપી છે.

શ્રી મોદીએ ઝડપ, માપ, અવકાશ અને ધોરણ એમ ચાર દિશામાં ઝડપથી કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં G-20ની સફળતા બાદ વિશ્વ ભારતની મોટી ભૂમિકાની કલ્પના કરી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ભારતને વૈશ્વિક દક્ષિણના મજબૂત અને મહત્વપૂર્ણ અવાજ તરીકે ઓળખવામાં આવે છે.. અને ભારતની આ પહેલથી આફ્રિકન સંગઠન જી-20 જૂથનું એક ભાગ બની ગયું છે તેમ પણ તેમણે કહ્યું હતું.

કન્યાકુમારીમાં તેમની ત્રણ દિવસની આધ્યાત્મિક યાત્રા વિશે વાત કરતાં શ્રી મોદીએ કન્યાકુમારીની આ ભૂમિ એકતાનો અદમ્ય સંદેશ આપે છે તેમ જણાવ્યું હતું. શ્રી મોદીએ કન્યાકુમારીથી દિલ્હી પરત ફરતા આ વિચારો વ્યક્ત કર્યા હતા.

## UPI PAYMENT

ભારતની લોકપ્રિય પેમેન્ટ સિસ્ટમ - યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ -UPI વ્યવહારોએ મે મહિનામાં 20.45 લાખ કરોડ રૂપિયાના અબજના વ્યવહારોનો નવો વિક્રમ બનાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ 2023માં સમાન મહિનાની સરખામણીએમે મહિનાના આંકડા પરિમાણમાં 49 ટકા અને મૂલ્યમાં 39 ટકા વધુ હતા.

એપ્રિલ 2016માં UPI લૉન્ચ થયા બાદ મે મહિનાના વર્તમાન આંકડા મૂલ્ય અને પરિમાણની દ્રષ્ટિએ સૌથી વધુ છે. જ્યારે ઇમિડિયેટ પેમેન્ટ સર્વિસ (IMPS) વ્યવહારનું પરિમાણ મે મહિનામાં 1.45 ટકા વધીને 55.80 કરોડ થયું હતું, જ્યારે એપ્રિલમાં તે 55.8 કરોડ હતું. મૂલ્યની દ્રષ્ટિએ તે એપ્રિલમાં 5.92 ટ્રિલિયન રૂપિયાથી મે મહિનામાં 2.36 ટકા વધીને 6.06 ટ્રિલિયન રૂપિયા થઈ ગઈ છે. મેના આંકડા ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ પરિમાણમાં 12 ટકા અને મૂલ્યમાં 15 ટકાનો વધારો દર્શાવે છે.

## J&K- PULWAMAENCOUNTER

કેન્દ્રશાસિત પ્રદેશ દક્ષિણ કાશ્મીરના પુલવામાના નેહામા વિસ્તારમાં આજે સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની ચોક્કસ માહિતીના આધારે પોલીસ, લશ્કર અને CRPFની ટીમે સંયુક્ત તપાસ અભિયાન શરૂ કર્યું હતું.

આ તપાસ અભિયાન દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળો ઉપર ગોળીબાર કરતાં અથડામણ શરૂ થઈ હતી. છેલ્લા અહેવાલો આવ્યા ત્યાં સુધી આ વિસ્તારમાં અથડામણ ચાલુ હતી.

## NHAI- TOLL PLAZAS

ભારતના રાષ્ટ્રીય ધોરી માર્ગ સત્તામંડળ NHAI એ સમગ્ર દેશમાં ટોલ ટેક્સમાં સરેરાશ પાંચ ટકાનો વધારો કર્યો છે. આનવો વેરો આજથી લાગુ થઈ ગયો

હોવાનું NHAIના અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ભારતના વ્યાપક રાષ્ટ્રીય ધોરી માર્ગ નેટવર્કમાં નવસોથી વધુ ટોલ પ્લાઝા છે

## Amul milk

ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ દ્વારા અમૂલ દૂધમાં આજથી પ્રતિલિટર બે રૂપિયાનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ 500 મીલી અમૂલ ગોલ્ડ 33 રૂપિયા, શક્તિ 30 રૂપિયા અને ભેંસનું દૂધ 36 રૂપિયામાં મળશે. અમૂલે અગાઉ ગત વર્ષે ફેબ્રુઆરીમાં દૂધની કિંમતમાં વધારો કર્યો હતો.

દરમિયાન મધર ડેરીએ પણ આજે દૂધની કિંમતમાં પ્રતિલિટર 2 રૂપિયાનો ભાવ વધારો કર્યો છે. મધર ડેરીના જણાવ્યા મુજબ, આ ભાવ વધારો મુખ્યત્વે ઉત્પાદકોને વધેલા ઉત્પાદન ખર્ચની ભરપાઈ કરવા માટે છે.

## MADHYA PRADESH ACCIDENT

મધ્યપ્રદેશમાં ટ્રેક્ટર પલટી જતાં મહિલા, બાળકો સહિત 13 લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે 10થી વધુ ઈજાગ્રસ્તોને જિલ્લા હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આ ઘટના અંગે શોક વ્યક્ત કરતાં ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી કામના કરી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આ દુર્ઘટનામાં શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# IMD--WEATHER.rtf

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં ઓછી તીવ્રતા સાથે હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની શકયતા વ્યક્ત કરી છે. આજે, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના ભાગોમાં ગરમીની લહેર જોવા મળશે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં પણ આવતીકાલ સુધી હિટવેવની શક્યતા છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી છ દિવસમાં પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડાં અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ભારતમાં પણ આગામી છ દિવસ દરમિયાન કેરળ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને કર્ણાટકમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શકયતા છે. ઉત્તર ભારતમાં, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણામાં આગામી ચાર દિવસ હવામાનમાં કોઈ ફેરફાર નહી થાય.

# KARNATAKA-HEAVY DOWNPOUR

બેંગલુરુમાં ગઈરાત્રે 4 ઇંચ થી વધુ વરસાદ થતાં સામાન્ય જીવન ખોરવાઇ ગયું હતું. વરસાદના કારણે શહેરમાં 100 થી વધુ વૃક્ષો ધરાશાયી થયાના અને લાઇટના થાંભલા અને ટ્રાન્સફોર્મરને નુકસાન થતાં વીજ પુરવઠો ખોરવાયો હોવાના અહેવાલ થયા છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં મુસાફરોને

હાલાકીનો સામનો કરવો પડ્યો  હતો જ્યારે ટ્રિનિટી સ્ટેશન પાસે મેટ્રો ટ્રેક પર ઝાડ પડતાં રાત્રે ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી.

બેંગલુરુ શહેરના પ્રભારીમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમારે આ મુદ્દે ચર્ચા કરવા આજે એક બેઠક બોલાવવામાં આવશે તેમ પત્રકારોને જણાવ્યું હતું.

## T20 WORLD CUP

આઈ.સી.સી. ટી-20 વિશ્વકપ ક્રિકેટની ત્રીજી મેચ આજે સુપર ઑવરમાં નામિબિયાએ ઑમાનને 11 રનથી હરાવ્યું હતું. ઑમાનની ટીમે પહેલા બેટિંગ કરી 109 રન બનાવ્યા હતા. જ્યારે નામિબિયાની ટીમે પણ 20 ઑવરમાં 109 રન બનાવતા ટાઈ પડતાં રમાયેલી સુપરઓવરમાં નામિબિયાએ ઓમાનને 11 રનથી હરાવ્યું હતું.

તો હવે ટી20 વિશ્વકપ ક્રિકેટની ચોથી મેચ શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ન્યૂ યૉર્કના નસાઉ કાઉન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

## MOR FIH PROLEAGUE-MEN

લંડનમાં રમાઈ રહેલી F.I.H. પ્રો લીગ મેચમાં ભારતીય પુરુષ હોકી ટીમ બ્રિટન સામે 1-3થી હારી ગઈ છે. આ હાર છતાં ભારત પોઈન્ટ ટેબલમાં નેધરલેન્ડ અને અર્જેન્ટીના પછી ત્રીજા સ્થાને આવી ગયું છે.  હવે આગામી શનિવારે ભારત વિશ્વ ચેમ્પિયન જર્મની સામે રમશે.